# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-05-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# SOMNATH AMRUT PARV

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવમાં આજથી પાઠાત્મક અતિરૂદ્ર સાથે પાંચ દિવસીય "સોમનાથ અમૃતપર્વ-2026"નો ભક્તિપૂર્ણ માહોલમાં પ્રારંભ થયો છે. આજથી ત્રણ દિવસ હોમાત્મક મહારૂદ્ર યજ્ઞનો પ્રારંભ થયો છે. તીર્થ પુરોહિત સોમપુરા બ્રાહ્મણ સમાજ દ્વારા અમૃતપર્વના પ્રથમ દિવસથી મંદિરની યજ્ઞશાળામાં પાઠાત્મક અતિરૂદ્રનો પ્રારંભ કરવામાં આવ્યો છે.51 બ્રાહ્મણો દ્વારા અમૃતપર્વના પાંચ દિવસ સુધી સવાર-સાંજ ત્રણ-ત્રણ કલાક પાઠાત્મક અતિરૂદ્ર કરવામાં આવશે.

પ્રસ્તુત છે અમારા પ્રતિનિધિનો અહેવાલ

**(BYTE : APARNA KHUNT SOMNATH)**

# PM GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતી કાલથી ગુજરાતની બે દિવસની મુલાકાતે આવી રહ્યા છે. પ્રધાનમંત્રી કાર્યાલયનાં જણાવ્યા મુજબ શ્રી મોદી આવતી કાલે જામનગર રાત્રિ રોકાણ કરશે અને બીજા દિવસે સવારે સોમનાથ આવશે, જ્યાં તેઓ સોમનાથ મંદિરનાં પુનઃનિર્માણની 75મી વર્ષગાંઠ પ્રસંગે આયોજિત સોમનાથ અમૃત મહોત્સવનાં ભાગ રૂપે આયોજિત વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેશે. તેઓ વિશેષ મહાપુજામાં ભાગ લીધા બાદ કુંભ અભિષેક અને ધ્વજારોહણ વિધીમાં પણ ભાગ લેશે. આ પ્રસંગે શ્રી મોદી સોમનાથનો ભવ્ય વારસો અને આધ્યાત્મિક મહત્વની સ્મૃતિમાં ટપાલ ટિકીટ અને સિક્કાનું અનાવરણ કરશે.

પ્રધાનમંત્રી એ જ દિવસે વડોદરા ખાતે સરદાર ધામ સંકુલનું લોકાર્પણ કરશે અને જાહેર સભાને સંબોધશે. તેઓ સરદાર ધામ પરિસરની મુલાકાત પણ લેશે. સરદાર ધામમાં ભોજન ખંડ, પુસ્તકાલય અને ઓડિટોરીયમ સહિતની સુવિધાઓ ઉપરાંત એક હજારથી વધુ યુવક યુવતીઓ માટે છાત્રાવાસની સુવિધા છે.

# WEATHER

હવામાન વિભાગે રાજ્યમાં ફરી એક વાર ગરમી વધવાની શક્યતા વ્યકત કરી છે. આગામી સાત દિવસ માટે અમદાવાદ સહિત અનેક વિસ્તારોમાં હીટવેવની શક્યતા છે. રાજ્યમાં આજે ગાંધીનગરમાં સૌથી વધુ 43 ડિગ્રી, અમદાવાદમાં 41 ડિગ્રી જ્યારે સુરેન્દ્રનગરમાં 40.3 ડિગ્રી તાપમાન નોંધાયું છે. અમદાવાદમાં આજે યલ્લો અલર્ટ અપાયું છે. જયારે આવતીકાલથી સતત છ દિવસ માટે ઓરેંજ અલર્ટ રહેશે. આગામી દિવસોમાં તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી સુધીનો વધારો થવાની શક્યતા વ્યકત કરાઈ છે.

# LOK ADALAT – DAMAN

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં આજે રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટી દમણ કોર્ટ ખાતે યોજાયેલી લોક અદાલતમાં 5 હજાર 908 થી વધુ કેસો મુકાયા હતા. જેમાંથી 2 હજાર 191 જેટલા કેસનું સમાધાન કરાયું હતું.

# UNJHA MARKET YARD AJMA'S INCOME

ઊંઝા માર્કેટયાર્ડમાં અજમાની સારી આવક થઈ રહી છે.અજમાની આવક એપ્રિલ મહિના થી શરૂ થાય છે. હાલ માં દૈનિક 2200 થી 2300 બોરી ની આવક થઈ રહી છે. ખાસ કરીને કાઠિયાવાડ,પાટણ અને મહેસાણા જિલ્લામાંથી આવક થઈ રહી છે. અજમાનો ભાવ રૂપિયા 2300 થી 2600 સુધીનાં ચાલી રહ્યા છે. સારા માલનો ભાવ રૂપિયા 2600 થી 2900 સુધી છે.

# MEHSANA MONSOON ACTION PLAN

મહેસાણા જિલ્લા વહીવટી વિભાગ દ્વારા ચોમાસાની પૂર્વ તૈયારી માટે એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે.અધિક જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને મળેલી બેઠકમાં 1 જૂન થી જિલ્લા અને તાલુકા કક્ષાના કન્ટ્રોલ રૂમને કાર્યરત કરવા 24 કલાક તૈયાર રહેવા તાકીદ કરવામાં આવી. જિલ્લાના તમામ વરસાદ માપકયંત્રો યોગ્ય રીતે કાર્યરત છે કે નહીં તેની તપાસ કરવા અને મરામત ની જરૂર હોય તો કરવા સૂચના આપવામાં આવી. આ ઉપરાંત, વીજલાઈન, ભયજનક ઇમારતો, જોખમી મોટી પાણી ટાંકીઓ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. આશ્રયસ્થાનો ની યાદી તૈયાર કરી ત્યાં વીજળી અને પાણીની વ્યવસ્થા અંગે ની ખરાઈ કરવા અને બચાવ કામગીરી માટે રાહત ટૂકડજીઓની વ્યવસ્થા કરવા તાકીદ કરવામાં આવી હતી.

# COASTAL DISTRICT GAMES

દરિયાકાંઠાના વિસ્તારોનાં પોલીસ કર્મચારીઓમાં ટીમવર્ક, શારીરિક તંદુરસ્તી અને પરસ્પર સહકારની ભાવના મજબૂત બનાવવા શુક્રવારે પોરબંદરનાં ચોપાટી બીચ ખાતે ઇન્ટર-કોસ્ટલ ડિસ્ટ્રિક્ટ ગેમ્સ 2026નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં કુલ 20 ટીમોએ ભાગ લીધો હતો, જેમાં દરિયાકાંઠાનાં જિલ્લાનાં પોલીસ એકમોની 17 ટીમો અને મરીન ટાસ્ક ફોર્સની ત્રણ ટીમો સામેલ હતી. બીચ વોલીબોલ, બીચ કબડ્ડી, ટગ ઓફ વોર, દરિયાઈ સ્વિમિંગ અને સી કાયકિંગ સહિતની વિવિધ બીચ અને વોટર સ્પોર્ટ્સની રમતો યોજાઈ હતી.

પોલીસ અધિક્ષક, કોસ્ટલ સિક્યોરિટી, સુબોધ માનકરે જણાવ્યું હતું કે, “વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓ આગામી સમયમાં પોલીસ મહાનિદેશક ડોક્ટર કે.એલ.એન. રાવની ઉપસ્થિતિમાં યોજાનારી ફાઈનલ સ્પર્ધામાં ભાગ લેશે અને વિજેતાઓને પુરસ્કાર આપવામાં આવશે.”